ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# બારડોલી-વ્યારા-ભરૂચ

| હવામાન | મહત્તમ | લઘુતમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૯.૦° સે. | ૩૦.૦° સે. |
| બારડોલી | ૩૭.૦° સે. | ૨૮.૦° સે. |
| ભરૂચ | ૪૧.૦° સે. | ૩૦.૦° સે. |
| વ્યારા | ૩૭.૦° સે. | ૨૮.૦° સે. |



## વાઘેચ ત્રણ રસ્તા પાસે બાઈક અડફેટે બે વર્ષની બાળકીનું મોત

**અમરાવતન** લગ્નપ્રસંગ આટોપી પિતા, બાળકી અને મામા બાઈક પર અબ્રામા પરત ફરી રહ્યા હતા

બારડોલી: સુરત ગ્રામ્યના બારડોલી-નવસારી રોડ વાઘેચ ગામના ત્રણ રસ્તા પાસે પૂરઝડપે આવી રહેલી એક બાઈકે અન્ય મોટરસાઈકલને અડફેટે લેતાં ૨ વર્ષની બાળકીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જ્યારે બાળકીના પિતા અને મામાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મૂળ અલીરાજપુર (મધ્ય પ્રદેશ)ના વતની અને હાલ નવસારીના અબ્રામા ખાતે રહીને કડીયા કામ કરતા સાગરભાઈ કમલસિંગ ગુજરીયા (ઉં.વ.૨૫) ગત રોજ પરિવાર સાથે અમરાવતન ગામે લગ્નપ્રસંગમાં ગયા હતા. શનિવારે સવારે તેઓ પોતાની બાઈક (નં.MP 69 MD 1675) પર સાળા નયાભાઈ શંકરભાઈ આવાસીયા અને ૨ વર્ષની દીકરી વિદ્યાને બેસાડીને નવસારી પરત ફરી રહ્યા હતા. સાંજના આશરે ૪ વાગ્યાના અરસામાં જ્યારે તેઓ બારડોલી-નવસારી રોડ પર આવેલા વાઘેચગામના ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે વાઘેચગામ તરફથી એક અજાણ્યો ચાલક મોટરસાયકલ (નં. GJ 19 Q 9401) પોતાની બાઈક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવ્યો હતો. આ ચાલકે સાગરભાઈની બાઈક સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક પર સવાર ત્રણેય જણા રોડ પર પટકાયા હતા. રોડ પર પછાડાવાને કારણે ૨ વર્ષની બાળકી વિદ્યાને શરીરે ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે દમ તોડી દીધો હતો. જ્યારે અકસ્માતમાં સાગરભાઈને જમણા પગે અને બાઈક ચલાવી રહેલા નયાભાઈને બંને પગના ઘૂંટણમાં તથા ડાબા હાથમાં ગંભીર ઈજાઓ થઈ હતી.

અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા. સ્થાનીક લોકોની મદદથી ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નવસારી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ બાળકીને મૃત જાહેર કરી મૃતદેહને પીએમ રૂમમાં મોકલી આપ્યો હતો. આ અકસ્માત અંગે સાગરભાઈ ગુજરીયાએ નવસારી સિવિલ હોસ્પિટલ ખાતેથી જ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સરદારપુરા ખાતે સોલેક્ષ સોલાર પ્લાન્ટમાં રૂ.1.88 લાખના કેબલની ચોરી

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયાના સરદારપુરા ગામે આવેલા સોલેક્ષ ગ્રીન એનર્જી પ્રા.લિ.ના સોલાર પ્લાન્ટમાં મોટી ચોરીની ઘટના બની છે. અજાણ્યા ઈસમે પ્લાન્ટમાં ગેરકાયદે પ્રવેશ કરી આશરે 3,200 મીટર ડી.સી. કેબલ કિંમત રૂ.1.88 લાખની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. જે બાબતે પ્લાન્ટ પર લગાવેલા CCTV કેમેરા ચેક કરતાં અજાણ્યો ઇસમ દેખાયો પણ તેનો ચહેરો સ્પષ્ટ દેખાતો ન હતો. જે બાબતે સિક્યુરીટી ગાર્ડે ઝઘડિયા પોલીસને ડી.સી કેબલ ચોરીની ફરિયાદ કરતાં ગુનો નોંધવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ચોરોએ કેબલ ઉપરાંત ફેન્સીંગ પણ કાપી નાખ્યો હોવાનું બહાર આવ્યું છે.

### આંબોલીમાં ચાર સંતાનને લઈ પરિણીતા ગુમ

કામરેજ\R: કામરેજના આંબોલીમાં આવેલા રાજશ્રી એપાર્ટમેન્ટમાં ફ્લેટ નંબર 103 માં રહેતી અફસાના રહીમ મનસૂરી પોતાના ચાર સંતાન રેહાન (ઉં.વ.9), અરીના (ઉં.વ.7), આતીફ (ઉં.વ.4), 25 દિવસની આયેશાને લઈને ત્રણ દિવસ અગાઉ ઘરે કોઈને પણ કહ્યા વગર નીકળી ગઈ હતી. જેની તપાસ કરતાં કોઈ જ ભાળ ન મળતાં પતિ રહીમે કામરેજ પોલીસ સ્ટેશન ગુમ થયા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

### ઝાડેશ્વરમાં રવિરાજ બંગ્લોઝના ભાડેના મકાનમાંથી મોબાઈલની ચોરી

ભરૂચ: ભરૂચ શહેરના ઝાડેશ્વર બસ સ્ટેન્ડ પાછળ આવેલા રવિરાજ બંગ્લોઝમાં રહેતા યુવકનો મોબાઈલ ચોરાઈ જવા પામ્યો હતો. મૂળ પાલીતાણા અને હાલ ઝાડેશ્વર રવિરાજ બંગ્લોઝમાં જયદિપ પ્રવિણભાઈ ચુડાસમા (ઉં.વ.27)એ પોલીસને જણાવ્યું કે તેઓ મિત્રો સાથે ભાડાના મકાનમાં રહે છે. ઝઘડીયા આરતી ઇન્ડસ્ટ્રીઝમાં દસ મહિનાથી નોકરી કરે છે. ગત તા. 31 મે, 2026 ના રોજ સવારે 5:30 થી 8:00 વાગ્યા દરમિયાન મોબાઈલ ચોરાઈ ગયો હતો. આજુબાજુ શોધખોળ કરી તો પણ મોબાઈલ મળ્યો નહીં. ભરૂચ સી ડીવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### કંકાલ ગામે લાઈસન્સ વિના જોખમી રીતે બાઈક હંકારનાર યુવક સામે ગુનો

ભરૂચ: ડેડિયાપાડાના કંકાલ ગામના બસ સ્ટેન્ડ પાસે મુખ્ય માર્ગ પર જાહેર લોકોના જીવને જોખમમાં મૂકીને લાઇસન્સ રાખ્યા વિના ખુરદી ગામના યુવરાજકુમાર ધમેન્દ્રભાઈ વસાવા (ઉં.વ. 22) શનિવારે સાંજે જાહેર રસ્તા પર પોતાની હોન્ડા એક્ટિવા (નં. GJ 22 M 6701) ભારે ઝડપે અને ગફલતભરી રીતે હંકારવાનો આરોપ છે. પોલીસે તેને અટકાવી મોટર વ્હીકલ એક્ટની કલમો 177, 184, 3 અને 181 હેઠળ ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી છે.

### વ્યારાના જૂના ઢોડિયાવાડમાં પાંચ જુગારી ઝડપાયા

વ્યારા: વ્યારા પોલીસે બાતમીના આધારે વ્યારા નગરમાં જૂના ઢોડિયાવાડમાં કેવલ નગર સોસાયટી પાસે ખુલ્લી જગ્યામાં દારૂનો નશો કરીને ખુલ્લેઆમ જુગાર રમતા સુનિલ રામુ ઢોડિયા (ઉં.વ.40, રહે., જૂનું ઢોડિયાવાડ નહેર ફળિયું, વ્યારા), હરીશ મોહન ગામીત (ઉં.વ.50, રહે., ઇન્દુ ગામ, આઈટીઆઈની પાછળ, તા.વ્યારા), ઇમરાન મુખ્તારખાન પઠાણ (ઉં.વ.39, મજદુમનગર, કાકરાપાર બાયપાસ રોડ, વ્યારા), મનોજ રાજુ ઠાલવલે (ઉં.વ.32, રહે., માર્કેટ યાર્ડ, જેબી સ્કૂલની બાજુમાં, વ્યારા), રવિ મગન ચગેધરી (ઉં.વ.33, જૂનું ઢોડિયાવાડ, વ્યારા)ને ઝડપી પાડી 1960 નો મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### વટારીયાની UUST કેમિકલ એન્જિનિયરિંગને NBAની સતત ત્રીજી Tier-1 માન્યતા



ભરૂચ: વટારીયાની UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી (UUST)ના બી.ઇ. કેમિકલ એન્જિ નિયરિંગ અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામને નેશનલ બોર્ડ ઓફ એક્રેડિટેશન (NBA) દ્વારા વર્ષ 2025થી 2028 સુધીના ત્રણ વર્ષ માટે Tier-1 માન્યતા પ્રાપ્ત થઈ છે. આ સાથે જ આ કાર્યક્રમને સતત ત્રીજી વખત આ સન્માન મળ્યું છે. આ ઉપલબ્ધિ આઉટકમ-બેઝડ એજ્યુકેશન (OBE) અને ઉદ્યોગલક્ષી અભિગમને માન્યતા આપતી સિદ્ધિ છે. યુનિવર્સિટી વ્યવસ્થાપને જણાવ્યું હતું કે, "આ માન્યતા અમારી ગુણવત્તાયુક્ત શિક્ષણ, નવીનતા અને શૈક્ષણિક શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. Tier-1 દરજ્જો વિદ્યાર્થીઓને વૈશ્વિક તકો માટે તૈયાર કરે છે.

---

ગુજરાત ગેસે વધારાની સિક્યુરિટી ડિપોઝીટની માંગણી કરતાં ઉદ્યોગજગતમાં નારાજગી

# ભરૂચના 5000 ઉદ્યોગો માટે પડ્યા પર પાટું જેવી સ્થિતિ

**ફેક્ટરીઓ** પાસે વર્કિંગ કેપિટલની ભારે અછત સર્જાશે, મંદીના સમયમાં નિર્ણય મોકૂફ રાખવા AIAની રજૂઆત



ભરૂચ: ગુજરાતના રાસાયણિક ઉદ્યોગના કેન્દ્ર તરીકે ઓળખાતા ભરૂચ જિલ્લાના 5000 ઔદ્યોગિક એકમો માટે એક ચિંતાજનક અહેવાલ સામે આવ્યો છે. વૈશ્વિક મંદીના કારણે ઉત્પાદન ખર્ચમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે 'ગુજરાત ગેસ લિમિટેડ' દ્વારા ઉદ્યોગો પાસે વધારાની સિક્યુરિટી ડિપોઝિટ માંગવામાં આવતાં કરોડો રૂપિયાના વધારાના બોજાનો ભય સર્જાયો છે.

જૂનની શરૂઆતમાં જ કોમર્શિયલ LPG અને નેચરલ ગેસના ભાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. આ મોંઘવારી વચ્ચે અંકલેશ્વરના ઉદ્યોગો પહેલેથી મુશ્કેલીમાં છે, ત્યાં ગુજરાત ગેસ કંપનીએ દરેક મેમ્બર ઈન્ડસ્ટ્રીને ઈમેઈલ મોકલીને 'એડિશનલ સિક્યુરિટી ડિપોઝિટ'ની માંગ કરી છે. નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય મંદી અને કાચા માલની સપ્લાય ચેઈન ખોરવાઈ જવાને કારણે અંકલેશ્વરની મોટાભાગની ઈન્ડસ્ટ્રીઝ હાલમાં માત્ર 50 ટકા ઉત્પાદન ક્ષમતા પર ચાલી રહી છે. જ્યારે પ્રોડક્શન અડધું હોય ત્યારે કુદરતી રીતે ગેસનો વપરાશ પણ અડધો થઈ જાય છે. આ સ્થિતિમાં ઉદ્યોગોની જૂની જમા થયેલી ડિપોઝિટ જ કંપનીના રિસ્ક કવર માટે પૂરતી હોવાનું ઉદ્યોગ સંગઠનનું કહેવું છે.

જો આ મંદીના માહોલમાં ઉદ્યોગો પાસેથી કરોડો રૂપિયાની વધારાની ડિપોઝિટ વસૂલવામાં આવશે, તો ફેક્ટરીઓ પાસે વર્કિંગ કેપિટલની ભારે અછત સર્જાશે. ખાસ કરીને નાના અને મધ્યમ કક્ષાના (MSME) એકમો માટે બજારમાં ટકી રહેવું મુશ્કેલ બનશે, જેની સીધી અસર રોજગારી પર પણ પડી શકે છે.

અંકલેશ્વર ઉદ્યોગ મંડળ (AIA)ના પ્રમુખ વિમલ જેઠવાએ જણાવ્યુ હતુ કે, મેમ્બર ઈન્ડસ્ટ્રીઝ પહેલેથી 50 ટકા પ્રોડક્શનની મર્યાદામાં છે. વર્તમાન વપરાશ સમકક્ષ ડિપોઝિટ સમાન છે. અમે ગેસ કંપનીને ઈમેઈલ કરીને રજૂઆત કરી છે કે એડિશનલ ડિપોઝિટનો આદેશ હાલ પૂરતો મોકૂફ રાખવો જરૂરી છે.

કેમિકલ મેન્યુફેક્ચરર અનિષ પરીખ મત વ્યકત કર્યો છે, ઉદ્યોગો માટે આંતરરાષ્ટ્રીય બજારમાં ટકી રહેવું અગાઉથી જ મુશ્કેલ છે. વધારાના ખર્ચની સીધી અસર પ્રોડક્શન કોસ્ટ પર પડે છે, જે સ્થાનિક ઉદ્યોગો માટે પરિસ્થિતિ વધુ વણસે છે. ખાસ કરીને નિકાસકારોને વધુ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ગંભીર આર્થિક કટોકટીને જોતા અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (AIA)એ ગુજરાત ગેસ કંપનીને સત્તાવાર પત્ર લખીને ઉદ્યોગોના હિતમાં આ વધારાની ડિપોઝિટના આદેશને હાલ પૂરતો મોકૂફ રાખવા ઉચ્ચ સ્તરે રજૂઆત કરી છે.

## ભરૂચના પાનોલી GIDCમાં ઝેરી ગેસ લીક, યુપીના યુવકનું મોત

**નેશનલ** બાયોસીડસ કંપનીની દુર્ઘટના અંગે પોલીસે તપાસ હાથ ધરી




ભરૂચ, અંકલેશ્વર: ગુજરાતના મુખ્ય ઔદ્યોગિક કેન્દ્ર ભરૂચ જિલ્લાના અંકલેશ્વર નજીક આવેલા પાનોલી GIDCમાં 'નેશનલ બાયોસીડસ' કંપનીમાં કામકાજ દરમિયાન અચાનક ઝેરી ગેસ લીક થતાં ભયાનક દુર્ઘટના સર્જાઇ છે. ઝેરી કેમિકલ ગેસ હવામાં પ્રસરતાં પ્લાન્ટમાં કામ કરતાં શ્રમિકોમાં દોડધામ મચી ગઈ હતી.

ઘટનામાં 33 વર્ષીય શ્રમિક મોહમ્મદ નઇમ કુરેશી ઝેરી ગેસની સીધી અસરમાં આવી ગયો હતો. ઝેરી વાયુ શ્વાસમાં જતાં તેની તબિયત અત્યંત નાજુક બની હતી અને તે બેભાન થઈને ઢળી પડ્યો હતો. કંપની મેનેજમેન્ટ દ્વારા તેને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ટૂંકી સારવાર બાદ તેણે હોસ્પિટલમાં દમ તોડી દીધો હતો. મોહમ્મદ નઇમ કુરેશી મૂળ ઉત્તર પ્રદેશનો વતની હતો અને રોજગારી માટે ગુજરાત આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ પાનોલી પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યો છે. સાથોસાથ, ઔદ્યોગિક સ્વાસ્થ્ય અને સુરક્ષા વિભાગ (DISH) તેમજ ફેક્ટરી ઇન્સ્પેક્ટરની ટીમને પણ જાણ કરવામાં આવી છે. પોલીસે તપાસ હાથ ધરી છે કે ટેકનિકલ ફોલ્ટને કારણે ગેસ લીક થયું હતું, કંપનીમાં સુરક્ષાના સાધનો પૂરતા હતા કે નહીં અને અકસ્માત અટકાવવા માટે જરૂરી ધોરણોનું પાલન થયું હતું કે કેમ? આ ઘટનાએ પાનોલી GIDCના અન્ય શ્રમિકોમાં ભય અને મૃતકના પરિવારમાં ઊંડો શોક વ્યાપી જવા પામ્યો છે. વધુ તપાસ ચાલુ છે.

## અંકલેશ્વરમાં નહેરમાં નાહવા પડેલા બે યુવક પૈકી એક તણાયો

**ફાયર** ટીમે એક યુવકને બચાવી લીધો, બીજાની શોધખોળ ચાલુ




અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર નજીક સંજાલી ગામ પાસે ઉકાઈ જમણા કાંઠા નહેરમાં નાહવા ગયેલા બે યુવકમાંથી એકનો બચાવ કરવામાં આવ્યો છે, જ્યારે બીજો યુવક પાણીના પ્રવાહમાં તણાયો છે. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી સઘન શોધખોળ કરી રહી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, મહારાજાનગર પાસે આવેલી નહેરમાં નાહવા ગયેલા યુવકોનો પગ લપસી જતાં તેજ પ્રવાહમાં ખેંચાઈ ગયા હતા. બંને યુવક પાનોલીની એક કંપનીમાં કામ કર્યા બાદ નહેરમાં નાહવા પડ્યા હોવાનું જણાયું છે.

ઘટનાની જાણ થતાં જ નજીકમાં હાજર ઓટોરિક્ષા ચાલક ઝુબેર શિદાતે તાત્કાલિક પાનોલી ફાયર બ્રિગેડને ખબર પહોંચાડી હતી. ફાયર બ્રિગેડની ટીમ તરત જ ઘટનાસ્થળે દોડી ગઈ અને બચાવ કામગીરી શરૂ કરી હતી. બચાવ કામગીરી દરમિયાન એક યુવકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો, જ્યારે બીજો યુવક પાણીમાં લાપતા હોવાનું સામે આવ્યું છે. પાનોલી નોટિફાઈડ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા લાપતા યુવકની શોધખોળને વેગ આપવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફાયર બ્રિગેડના કર્મચારીઓ નહેરના વિવિધ ભાગોમાં તપાસ કરી રહ્યા છે, પરંતુ અત્યાર સુધી કોઈ સફળતા મળી નથી.

## ચેક બાઉન્સ કેસમાં સુરતના કાપડ વેપારીને 1 વર્ષની સજા

**વાર્ષિક** ૬ ટકા વ્યાજ સહિત વળતર ચૂકવવા સ્મોલ કોઝ કોર્ટનો હુકમ

પલસાણા: સુરતની સ્મોલ કોઝ કોર્ટે ચેક બાઉન્સના એક કેસમાં સુરતના ટેક્સટાઇલ વેપારીને એક વર્ષની સજા તેમજ વાર્ષિક ૬ ટકા વ્યાજ સહિત વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

મે. ધનલક્ષ્મી સિલ્ક મિલ્સના પ્રોપ્રાઈટ અલ્પેશ વધાસીયાએ સુરતમાં રઘુકુલ ટેક્સ પ્રિન્ટસ પ્રા. લી. કંપનીની મુલાકાત લઈને વેપારી સંબંધો બાંધ્યા હતા. તેમણે કંપની પાસેથી કુલ રૂ.૨૦,૪૩,૦૫૫નો કાપડનો માલ ઉધારમાં ખરીદ્યો હતો. આ ખરીદી બાદ કંપની દ્વારા બાકી નીકળતી રકમની ઉઘરાણી કરવામાં આવતા આરોપીએ અમૂક રકમ ચૂકવી આપી હતી, પરંતુ હજુ પણ કુલ રૂ.૧૮,૪૫,૮૫૧ ચૂકવવાના બાકી નીકળતા હતા. આ બાકી રકમની ચૂકવણી કરવા માટે આરોપી અલ્પેશ વધાસીયાએ પોતાની પેઢી મે. ધનલક્ષ્મી સિલ્ક મિલ્સના પ્રોપ્રાઈટરની હેસીયતથી સહી કરીને રઘુકુલ ટેક્સ પ્રિન્ટસ પ્રા.લી.ના નામના કુલ ૮ ચેક આપ્યા હતા, જેની કુલ કિંમત રૂ. ૭,૧૭,૫૩૬ થતી હતી. કંપની દ્વારા આ ચેકો બેંકમાં જમા કરાવવામાં આવતા તે પરત ફર્યા હતા. આ કેસ સુરતની સ્મોલ કોઝ કોર્ટમાં ચાલી જતાં ફરિયાદ પક્ષ તરફથી હાજર રહેલા એડવોકેટ વિનય આર. શુકલા અને વત્સલ જી. વાડેરાએ ધારદાર દલીલો અને પુરાવાઓ રજૂ કર્યા હતા. અદાલતે બંને વકીલોની દલીલોને માન્ય રાખીને આરોપી અલ્પેશ વધાસીયાને તકસીરવાર ઠેરવ્યો હતો અને એક વર્ષની સાદી કેદની સજાની સાથે ચેક પરત ફર્યાની તારીખથી ચુકાદાની તારીખ સુધી ચેકની રકમ પર વાર્ષિક ૬ ટકા વ્યાજ સહિત વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

## ઉમરપાડામાં ટ્રક ખાડામાં ખાબકી, ચાલકનું મોત

વાંકલ: ઉમરપાડા તાલુકામાં એક દૂધના ટેન્કર (ટ્રક)ના ચાલકે સ્ટીયરિંગ પર થી કાબૂ ગુમાવતા ગાડી રોડ સાઈડની પ્રોટેક્શન ફેન્સિંગ તોડીને સીધી ઊંડા ખાડામાં ખાબકી હતી. આ ગંભીર અકસ્માતમાં ટ્રકચાલકનું મોત નીપજ્યું છે. અનિલકુમાર મહેશસિંહ તોમર (રહે., ઉત્તર પ્રદેશ) ટ્રક (નં. GJ-19-Z-4509) પર ચાલક તરીકે ફરજ બજાવતો હતો અને તેનાથી જ આ અકસ્માત સર્જાયો હતો. લોકોએ ગંભીર રીતે લોહીલુહાણ હાલતમાં ચાલક અનિલકુમારને બહાર કાઢી ઉમરપાડા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો, પરંતુ ત્યાંના ફરજ પરના તબીબોએ તેને જોતા જ મૃત જાહેર કર્યો હતો.

ફરિયાદમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, ચાલક અનિલકુમાર સવારે આશરે સાતેક વાગ્યે સુરત રેલવે સ્ટેશન પાસે આવેલી સુમુલ ડેરી પરથી ટ્રક લઈને ઉમરપાડા તાલુકાના અલગ-અલગ દૂધ મંડળીઓમાંથી દૂધ એકત્ર કરવા માટે નીકળ્યો હતો.

## ઓલપાડ તાલુકા કોંગ્રેસના પૂર્વ પ્રમુખને પક્ષની શો-કોઝ

સાયણ: સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરવા બદલ ઓલપાડ તાલુકાના સાંધીએર ગામના પીઢ કોંગ્રેસ અગ્રણી અને તાલુકા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ જયેન્દ્રભાઈ ધીરૂભાઈ દેસાઈને કારણ દર્શાવો (શો-કોઝ) નોટિસ ફટકારવામાં આવી છે. સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરીએ જાહેર કરેલા સત્તાવાર પત્રમાં સાંધીએરના કોંગ્રેસ અગ્રણી જયેન્દ્રભાઈ દેસાઈ સામે શિસ્તભંગના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. આ પત્રમાં જણાવ્યા મુજબ જયેન્દ્ર દેસાઈએ તાજેતરમાં યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર વિરુદ્ધ કામ કર્યું હતું. તેમણે ઉમેદવારને હરાવવા માટે સક્રિય પ્રચાર- પ્રસાર કરી પક્ષને ભારે રાજકીય નુકસાન પહોંચાડ્યું હોવાની લેખિત ફરિયાદ ઓલપાડ તાલુકા કોંગ્રેસ પ્રમુખ, પક્ષના ઉમેદવારો તેમજ અન્ય કોંગ્રેસી આગેવાનો દ્વારા કરવામાં આવી હોવાનું જિલ્લા પ્રમુખે નોટિસમાં જણાવ્યું છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરવા બદલ આગામી ૬ વર્ષ માટે પક્ષમાંથી શા માટે સસ્પેન્ડ ન કરવા? તે બાબતની નોટીસ ફટકારી છે. પ્રમુખે જણાવ્યું છે કે, આ મામલે તેઓ રૂબરૂ અથવા લેખિતમાં પોતાનો ખુલાસો જિલ્લા પ્રમુખ આનંદભાઈ ચૌધરી સમક્ષ રજૂ કરે.

## એના ગામેથી ૨.૮૧ લાખનો દારૂ ઝડપાયો

પલસાણા: પલસાણા પોલીસે એના ગામે એક ઘરના વાડામાં રેડ કરીને મોટી માત્રામાં વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે.

એના ગામે આવેલા ટેકરા ફળિયામાં રહેતા રાહુલભાઈ ભીખાભાઈ રાઠોડ નામના ઈસમે પોતાના ઘરના પાછળના ભાગે આવેલા વાડામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો હોવાની બાતમીના આધારે રેડ કરતાં પોલીસને દારૂ-બિયર સહિત કુલ ૧,૧૬૪ નંગ મુદ્દામાલ મળી આવ્યો હતો. આ તમામ જથ્થાની કુલ કિંમત ૨,૮૧,૬૦૪ થાય છે. મુખ્ય આરોપી રાહુલભાઈ ભીખાભાઈ રાઠોડ પોલીસને ચકમો આપીને ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. પલસાણા પોલીસે તપાસ હાથ ધરી છે.

## સાંધીએર ગામના ફાર્મ હાઉસમાંથી હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપાયું

**રોકડા** 2.41 લાખ, બે કાર સહિત કુલ રૂ.૧૯.૬૮ લાખનો મુદ્દામાલ કબજે

સાયણ: ઓલપાડના સાંધીએર ગામે આવેલા એક ફાર્મહાઉસમાંથી પોલીસે હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપી પાડ્યું છે. પોલીસે રેઈડ દરમિયાન જુગાર રમતાં કુલ ૧૧ જુગારીને રૂ.૧૯.૬૮ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા.

પોલીસ સૂત્રોની માહિતી મુજબ રવિવાર, તા.૦૭ ના રોજ ઓલપાડ પોલીસે બાતમી મળી હતી કે, ઓલપાડ- સાયણ રોડ ઉપર સાંધીએર ગામે મેઈન રોડને અડીને આવેલા જે.પી.એસ. હોમ્સના ફાર્મહાઉસના મકાન નં.૨૦ માં મહેશ ભીમજીભાઈ કળથીયા સુરત શહેરમાંથી કેટલાક ઈસમોને બોલાવી ગંજીપાનાથી રૂપિયાની હાર-જીતનો તીનપટ્ટી જુગાર રમાડી રહ્યો છે.

જે બાતમીનાં પગલે પોલીસે રેઈડ કરતાં મકાનમાં રમાતા હાઈપ્રોફાઈલ જુગારધામ ઝડપાતા જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે 11 જુગારીને ઝડપી પાડી અંગઝડતીથી મળેલા રોકડા રૂ.૨,૦૯,૩૦૦ તથા દાવનાં રોકડા રૂ.૩૨,૦૦૦ મળી કુલ રૂ.૨,૪૧,૩૦૦ રોકડા, મોબાઈલ ફોન નંગ-૦૭, જેની કિંમત રૂ.૨.૨૭ લાખ, ૨ ફોરવ્હીલ કાર, જેની કિંમત રૂ.૧૫ લાખ મળી કુલ રૂપિયા ૧૯,૬૮,૩૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.

### ફાર્મ હાઉસમાંથી ઝડપાયેલા 11 જુગારી

મૂળ સીતાપુર, જિ. ભાવનગરનો વતની મહેશ ભીમજી કળથીયા (ઉં.વ.૪૧, હાલ રહે., ૧૧૨, મીરાનગર સોસાયટી, વરાછા રોડ), મૂળ ધામનગર, તા.લાઠી, જિ.અમરેલીના વિજય મનુભાઈ નારોલા (ઉં.વ.૩૯, હાલ રહે., ૩૪, સાંઈ બંગ્લોઝ, સૃષ્ટી રો-હાઉસ, સાયણ-કોસાડ રોડ), મૂળ રાજસ્થાનના નિતિન સુરેશ અગ્રવાલ (ઉં.વ.૪૨, હાલ રહે, ઈ-૧૧૦૩, ટાવર આશીર્વાદ એવેન્યુ, સુરત), મૂળ ભુતીયા, જિ.ભાવનગરના હરેશ નાથુભાઈ મેંદપરા (ઉં.વ.૪૫, હાલ રહે., ૬૨, આશીર્વાદ સોસાયટી, કતારગામ), મૂળ મેઈન બજાર, લાઠી, જિ.અમરેલીના મિલન તલશીભાઈ નારોલા (ઉં.વ.૪૧, હાલ રહે., સી-૭૦૪,લક્ષ્મી રેસિડેન્સી, ગજેરા સ્કૂલની પાસે, કતારગામ), મૂળ પાનસરા, તા.ગારીયાધર, જિ. ભાવનગરના સંદિપ લાલજી ધામેલીયા (ઉં.વ.૪૨, હાલ રહે., ૨, સાઈ મોહન સોસાયટી, મોટાવરાછા), મૂળ સરીતા સોસાયટી, ભાવનગરના પ્રશાંત અરૂણ ભલાણી (ઉં.વ.૩૯, હાલ રહે., ૮૧, અક્ષરદીપ સોસા. સિંગણપોર ચાર રસ્તા), મૂળ સીતાપુર, ભાવનગરના કમલેશ ભીમજી કળથીયા (ઉં.વ.૪૪, હાલ રહે., ૧૧૪, મીરાનગર, ખોડિયાર નગર રોડ, વરાછા), મૂળ પટેલ શેરી, ઢીંકવાળી, બોટાદના ચિરાગ વશરામ મોરડીયા (ઉં.વ.૩૫, હાલ રહે, એફ-૩૦૨, ધર્મજીવન કોમ્પલેક્ષ,વેડરોડ), મૂળ ૫૨, શાસ્ત્રી નગર, ભાવનગર શહેરના અરવિંદ જાદવ નાવડીયા (ઉં.વ.૪૪, હાલ રહે., સી- ૧૦૩, જલદર્શન એપાર્ટમેન્ટ- સિંગણપોર), તથા મૂળ પટેલ ફળીયું, ધોલેરા, જિ. અમદાવાદના ભાવેશ જેરામ પટેલ (ઉં.વ.૪૨, હાલ રહે., એ-૫૦૪, સિવાણ એવેન્યુ, પ્લેટીનીયમ પાર્કની પાસે, ડભોલી-કતારગામ).

Milano MULTIPLEX
બારડોલી
Peddi
02:30pm, 06:00pm, 09:30pm
Hai Jawani Toh Ishq Hona Hai
10:00am, 01:00pm, 03:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
He Man - Hindi
12:00pm, 05:30pm
Bandar
11:00am, 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

